## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




લો સાહેબ... આ જુતા... અને બાંહેધારી પત્રક લખી આપો કે... હું આ પહેરવા માટે લઈ જઊ છું... કોઈને પણ છુટ્ટુ મારીશ નહી...!!

# ચોરીના બે બાઈક સાથે અમદાવાદનો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર એલસીબી પી.આઈ. પી.બી. ચૌહોણ તથા તેમની ટીમે વાહનચોરો પકડવા ટીમ દોડતી કરી છે ત્યારે ગઈ કાલે તેમની ટીમને બાતમી મળી હતી કે સે-૨૮ બગીચાના મુખ્ય ગેટ પાસે એક બાઈકચોર ચોરીના બાઈક સાથે ઉભો છે તેને આધારે બાતમીવાળા શખ્સ કૌશિક વિનોદ પટેલ (રહે. વસ્ત્રાલ રોડ, અમદાવાદ) ને જીજે ૦૨ એ આર ૭૩ નંબરના ચોરીના સ્પ્લેન્ડર બાઈક સાથે દબોચી લેવામાં આવ્યો હતો.

આ બાઈક અંગે તપાસ કરતા નંબર પ્લેટ ખોટી હોવાનું ખુલ્યું હતું. તેનો સાચો નંબર જીજે ૨ આર ૫૭૩૪ હોવાનું ખુલતા તેની સઘન પુછપરછ કરતાં આ બાઈક કૌશિકે તેના સાગરીત સાથે મળીને અમદાવાદના રાજપથ કલબ સામે કિરણ મોટર્સ નજીકથી ચોરી કર્યુ હોવાનું કબુલ્યું હતું. તે ઉપરાંત તેણે અમદાવાદ આનંદનગર વિસ્તારમાંથી એક બીજુ બાઈક પણ ચોરી કર્યું હતું. જે તેણે સે-૨૮ના બગીચા નજીક મુકી દીધું હોવાનું જણાવતા તે બાઈક પણ રીકવર કરવામાં આવ્યું છે. બંને બાઈક રીકવર કરી આ બાઈક ચોરની ધરપકડ કરીને એલસીબીએ અમદાવાદ પોલીસને સોંપવા તજવીજ શરુ કરી છે.



ગાંધીનગર તાલુકા પ્રાથમિક શાસનાધિકારી અને અધિક જિલ્લા શાસનાધિકારી સંજય પરમારની તાજેતરમાં શિક્ષણ સેવા સંવર્ગ-૧ના અધિકારી તરીકે પસંદગી થતાં તાલુકાના શિક્ષકોએ તેમને તેમની આ પસંદગીના અભિનંદન પાઠવ્યા હતા તેની તસવીર.



## ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા કેન્સર નિદાન કેમ્પ યોજાયો

શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજ અને ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા તાજેતરમાં રાજપૂત મહિલાઓ માટે સેકટર-૧૭ ખાતે સવારે ૯ થી ૨ કલાક દરમિયાન હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેડીકલ ચેકઅપ કેમ્પનો ૨૫૦ જેટલી મહિલાઓએ લાભ લીધો હતો. નિષ્ણાંત તબિબોની ટીમ દ્વારા પેપ ટેસ્ટ, મ્હોંની તપાસ, અને મેમોગ્રાફી ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ગાંધીનગર જિલ્લા કલેકટર સતિષભાઈ પટેલના હસ્તે મેડીકલ ચેકઅપ કેમ્પનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હનુમંતસિંહ જાડેજા(નિવાસી કલેકટર) ડો. નૌતમબા પરમાર, ડો. મહિપતસિંહ પરમાર, ડો.અરવિંદ વાઘેલા, અશોકસિંહ પરમાર (નાયબ સચિવ શિક્ષણ), રમજુભા જાડેજા, સહિત સંસ્થાના આગેવાનો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

## શહેરની વિવિધ સંસ્થાના મંદબુદ્ધિ તેમજ દિવ્યાંગ બાળકોને ભોજન

ગાંધીનગર, તા.૫

અંધશાળા છાત્રાલય સેકટર-૧૬, સરસ્વતી એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મૂક-બધિર, શિશુ વિદ્યા મંદિર સે-૨૮, ઉમિયા વિકલાંગ ટ્રસ્ટ માનવ સ્મૃતિ, મંદબુધ્ધીવાળા તેમજ ધોળાકુવા સર્કલની આસપાસ રહેતા શ્રમજીવી પરિવારના બાળકો સહિત કુલ ૨૭૫ બાળકોને ભોજન કરાવ્યું હતું. આ ભોજનના દાતા ભૂપતસિંહ વાઘેલા અને અમૃતભાઈ પ્રજાપતિ હતા. શહેરની આ તમામ સેવાભાવી સંસ્થાના દિવ્યાંગ તેમજ વિકલાંગ સહિતના બાળકોને ભોજન મળતા ચહેરા પર અનોખી લાગણી દેખાતી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભાવસાર પ્રફુલ્લાબેને ભારે જહેમત ઉઠાવી હતી.



## પુસ્તક પરબમાં વાંચન રસિકોની ભીડ

માતૃભાષા અભિયાન અંતર્ગત આત્મ ફાઉન્ડેશન દ્વારા શહેરના મધ્યમાં ઘ-૪ સર્કલે રવિવારે પુસ્તક પરબ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પુસ્તક પરબની શહેરના વાંચન રસિકોએ મોટી સંખ્યામાં મુલાકાત લઈ પોતાને મનપસંદ વાંચન સામગ્રી પ્રાપ્ત કરી હતી. આ પ્રસંગે આત્મન ફાઉન્ડેશનના સંસ્થાના સંચાલકો તથા સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે દર માસના પ્રથમ રવિવારે પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે જેમાં વિના મૂલ્યે વાંચનયોગ્ય પુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે.



ગાંધીનગર-મહુડી રોડ પરના પીંપળજ ગામની મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં વિજ્ઞાન દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ૫૦ જેટલી વિજ્ઞાનની અવનવી કૃતિઓ રજૂ કરાઈ હતી. આ વિજ્ઞાન પ્રદર્શનની મોટી સંખ્યામાં વાલીગણ તથા બાળકોએ મુલાકાત લીધી હતી.



કોલવડાની હરીકૃષ્ણ ટેનામેન્ટ સોસાયટી ખાતે રવિવારે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યુ. જેમાં સોસાયટીના પ્રમુખ દીપસિંહજી ઝાલાના નેતૃત્વ હેઠળ સોસાયટીના સૌ સભ્યો અબાલ વૃદ્ધ, બાળકો, મહીલાઓ સહિત સૌએ શ્રમદાન કરેલ. તેમજ આ કાર્યક્રમને સફળ બનાવવા ધારાસભ્ય અશોકભાઈ પટેલ, કોલવડા ગામના સરપંચ રમેશભાઈ પટેલ, ઉપ સરપંચ સુદુભા વાઘેલા, પંચાયત સભ્ય રમીલાબેન ભીખાજી વાઘેલા હાજર રહી અને સોસાયટીના આ કાર્યમાં શ્રમદાન આપ્યુ હતુ.

# ગુજરાત નાણાકીય નિગમની ખોટનો આંકડો ૧૦૪ કરોડ પાર છતાં વ્યાજમુક્ત લોન માગી

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ એક એવો દેવાળિયો વહીવટ છે કે જેમાં વર્ષોથી ખોટના આંકડા મોટા થતાં જાય છે છતાં સરકાર આ સફેદ હાથીને છાવરી રહી છે. માર્ચ ૨૦૧૬ના આંકડા પ્રમાણે આ નિગમે વર્ષાન્તે ૧૦૪.૯૯ કરોડ રૂપિયાની ખોટ કરી છે જે આગવા વર્ષની ૯૪.૮૦ કરોડ રૂપિયા કરતાં ૧૦ કરોડ વધારે છે છતાં નાણાંકીય નિગમને વ્યાજમુક્ત લોન આપવાની વિચારણા થઈ રહી છે. આ નિગમની સ્થાપના મધ્યમ અને નાના ઉદ્યોગો માટે પ્રાદેશિક વિકાસ બેન્ક તરીકે રાજ્યનો ઔદ્યોગિક વિકાસ કરવા માટે કરવામાં આવી હતી. નિગમના અહેવાલમાં જ જણાવ્યું છે કે નિગમે વર્ષોથી સતત ખોટ કરી છે પરંતુ વસૂલાતની કાર્યવાહી કરવામાં આવી રહી છે. રાજ્યમાં સંખ્યાબંધ ઉદ્યોગો નાણાંકીય નિગમને ચૂનો લગાવીને શટર પાડી જતાં રહ્યાં છે. આ નિગમને વ્યાજમુક્ત લોન આપવા સરકારને રજૂઆત કરવામાં આવી છે. જો સરકાર ખરેખર નાણાંકીય નિગમને પુનજીવિત કરવા માગતું હોય તો એક નવા સેટઅપ તરીકે બજારમાં આવવું જોઈએ અને તેમાં સ્ટાર્ટઅપ ઈન્ડિયાને પ્રોત્સાહિત કરવુ યોગ્ય લેખાશે.

**● ૧૪૭૫૮ કરોડનો ચૂનો છતાં રાતી પાઇનો ગેસ નહીં...**

ગુજરાત સરકારની દેવાદાર અને બેન્કોના રૂપિયા વાપરીને દેવાં વધાર્યા છે તે જીએસપીસીને હવે કેન્દ્રના જાહેર સાહસ ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશન-ઓએનજીસીના હવાલે કરી દેવામાં આવી છે. ૨૨૦૦૦ કરોડના આંધણ પછી જીએસપીસી તેના ટારગેટ પ્રમાણે કંઈ ઉકાળી શકી નથી. સત્તાવાર આંકડા પ્રમાણે જીએસપીસી એટલે કે રાજ્યની ભાજપ સરકારે અત્યાર સુધીમાં જીએસપીસીના સાહસ કેજી બેસિનમાં ગેસના ઉત્પાદન માટે ૧૪૭૫૮.૪૧ કરોડનો ખર્ચ કર્યો છે પરંતુ સરકારની જવાબ પ્રમાણે કેજી બેસિનમાંથી ગેસનું વ્યવસાયિક ધોરણે ઉત્પાદન શૂન્ય થયું છે. સરકાર એવો દાવો કરે છે કે કેજી બેસિનના બ્લોકમાં હાલના સમયે પ્રાયોગિક ધોરણે ગેસનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. જો કે સરકારને એક નવા રૂપિયાની પણ આવક થઈ નથી. હવે ગેસ કાઢવાની કામગીરી ઓએનજીસી હસ્તક કરી દેવામાં આવી છે. બીજા શબ્દોમાં કહીએ તો કેન્દ્રના જાહેર સાહસને ગુજરાતનું આ નબળું સાહસ પધરાવી દેવામાં આવ્યું છે.

**● માથાદીઠ વીજ વપરાશ વધીને ૧૯૧૦ યુનિટ...**

બદલાતી જતી ટેકનોલોજીના સમયમાં ગુજરાતમાં માથાદીઠ વીજ વપરાશ વધ્યો છે. છેલ્લા ત્રણ વર્ષના આંકડાનો તફાવત બમણાંથી વધુ છે. સરકારના સત્તાવાર આંકડા પ્રમાણે ૨૦૦૩-૦૪માં માથાદીઠ વીજળીનો વપરાશ માત્ર ૯૪૪ યુનિટ હતો તે ૨૦૧૫-૧૬માં વધીને ૧૯૧૦ યુનિટ થયો છે. બીજી તરફ એક સમયે સૌથી વધુ વીજળી વાપરતા કૃષિ સેક્ટરની વીજળી ઘટીને અડધી થઇ ગઇ છે અને તેની સામે ઉદ્યોગોની વીજળી વધી છે. આ જ અરસામાં ઉદ્યોગો પ્રતિવર્ષ ૧૧૨૭૦ મિલિયન યુનિટ વીજળી વાપરતાં હતા તે વધીને ૩૭૬૨૬ મિલિયન યુનિટ થયા છે, જ્યારે કૃષિ વીજળી ૧૧૬૨૫ મિલિયન યુનિટ હતી તે વધીને ૧૭૫૩૧ મિલિયન યુનિટ થઈ છે. જો કે આ બન્ને સેક્ટરમાં વીજળીનો વપરાશ વધ્યો છે પરંતુ સરખામણી કરીએ તો ખેતી કરતાં ઉદ્યોગો બમણી વીજળી વાપરતા થયા છે. ૨૦૧૫-૧૬ના આંકડા પ્રમાણે ગુજરતમાં કુલ ૯૫૮૪૧ મિલિયન યુનિટ વીજળીનો વપરાશ થયો છે. ઉદ્યોગ અને કૃષિ ઉપરાંત ૧૩૪૮૨ મિલિયન યુનિટનો વીજળી વપરાશ ઘરગથ્થુ થાય છે. ૧૯૦૨ મિલિયન યુનિટ વાણિજ્યિક વપરાશ છે, જાહેર દિવાબત્તીમાં ૩૩૮ મિલિયન યુનિટ, જાહેર મોટરવર્ક્સમાં ૧૮૦૬ મિલિયન ટુનિટ અને રેલ્વેમાં ૫૯૫ મિલિયન યુનિટ વીજળી વાપરવામાં આવી છે. અન્ય કામમાં ૨૫૬૧ મિલિયન યુનિટ વીજળી વપરાય છે.

**● કોંગ્રેસમાં ત્રણ સિંહો વચ્ચે સીએમ કેન્ડિડેટની ટક્કર...**

ગુજરાત કોંગ્રેસમાં હવે વિવિધતામાં એકતા જોવા મળતી નથી, કારણ કે હાલ જે ચીફ મિનિસ્ટરના કેન્ડિડેટ તરીકે તેમની જાતને પ્રોજેક્ટ કરી રહ્યાં છે તે સિહં નામધારી ત્રણ પ્રદેશ નેતાઓ છે. આશ્ચર્ય એ બાબતનું છે કે શંકરસિંહ, શક્તિસિંહ અને ભરતસિંહ વચ્ચે ચીફ મિનિસ્ટરના કેન્ડિડેટ બાબતે એકમત નથી. તાજેતરમાં જ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ તેમની જાતને ચીફ મિનિસ્ટરના કેન્ડિડેટ તરીકે જાહેર કરીને ફેસબુક પર- હું જ મુખ્યમંત્રીનો સાચો દાવેદાર છું તેવું પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે ભાજપના હાલના મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે સરખામણી કરી હતી. ''બાપુ ફોર ગુજરાત સીએમ'' નામનું તેમનું ફેસબુક પેઈઝ બનાવવામાં આવ્યું છે. બીજી બાજુ શક્તિસિંહ ગોહિલ સર્વોચ્ચ પદ માટે હાઈમાન્ડ સમક્ષ લોબીંગ કરી રહ્યાં છે. તો હાલના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી મેદાનમાં છે. તેમને પણ મુખ્યમંત્રી બનવાના અભરખા છે. ભરતસિંહ સોલંકી ગુજરાતની તમામ કોમ માટે એક્સેપ્ટેબલ લિડર નથી તેવું ખુદ તેમના કાર્યકરો કહી રહ્યાં છે.

**સૌથી મોટું આશ્ચર્ય- બેકારો ઘટીને ૬ લાખ થયા પણ ફોર્મ ૧૨ લાખ ભરાય છે**

**● વધારાના હવાલાના કારણે વહીવટમાં અસર...**

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે સરકારના મોટાભાગના વિભાગોમાં વધારાના હવાલા ઉપર ઉચ્ચ અધિકારીઓ કામ કરી રહ્યાં છે. એક ઓફિસર મહત્વના બે કે ત્રણ વિભાગોના હવાલા સંભાળી રહ્યાં છે. ગુજરાત સરકાર બજેટ સત્ર પછી ઈલેક્શન મોડ પર આવી જશે ત્યારે આ વધારાના હવાલાની પ્રથા બંધ કરશે તેવું લાગે છે, કારણ કે મહત્વના બે વિભાગોની જવાબદારી સંભાળતા અધિકારી કોઈપણ એક વિભાગને સરખો ન્યાય આપી શકતા નથી. ફેબ્રુઆરી ના અંતે વય નિવૃત્ત થયેલા પી.કે.તનેજા ઉદ્યોગ વિભાગના સુપ્રિમો હતા પરંતુ તેમની જગ્યાએ કોઈ કાબિલ અધિકારીને પોસ્ટીંગ આપવામાં આવ્યું નથી. સરકારે કામચલાઉ રીતે વાયબ્રન્ટ ગુજરાતના સૌથી વધુ અસરકર્તા ડિપાર્ટમેન્ટનો વધારાનો ચાર્જ ઉર્જા વિભાગના અધિક મુખ્ય સચિવ સુજીત ગુલાટીને આપ્યો છે. સરકારમાં એક ડઝન વિભાગો એવાં છે કે જેમાં આજેપણ વધારાના હવાલાથી વહીવટ ચલાવવામાં આવે છે. જો કે આ વ્યવસ્થા ટૂંકાગાળા માટે અમલી બનાવવામાં આવેલી છે. સૂત્રો કહે છે કે એપ્રિલ મહિનાના પહેલા સપ્તાહમાં સરકાર ઉદ્યોગ સહિતના મહત્વના વિભાગોમાં ફુલચાર્જમાં કામ કરે તેવા અધિકારીની નિયુક્તિ કરી દેવામાં આવશે.

**વીજળી વાપરવાની શક્તિ વધી, માથાદીઠ વપરાશ પાંચ વર્ષમાં બમણો થયો**

**● વિકાસ કાર્યનો એજન્ડા બનાવે તો કોંગ્રેસ ફાવે...**

કોંગ્રસ જ્યાં સુધી વિકાસના કામોનો પ્લાન નહીં બનાવે ત્યાં સુધી ગજ વાગવાનો નથી. માત્ર નરેન્દ્ર મોદી અને પાંચ ઉદ્યોગપતિઓની સરકાર, ભાજપની સરકારના ઉત્સવોના તાયફા, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, ખેડૂતોના પ્રશ્નો, દલિતો પરના અત્યાચાર, ભ્રષ્ટાચાર અને પાટીદાર અનામત આંદોલન જેવા ગતકડાં લઈને વિધાનસભાની ચૂંટણી જીતવા નિકળેલા પ્રદેશ કોંગ્રેસના નેતાઓને છેવટે ચૂંટણીમાં ભારે પછડાટ મળવાની છે. ગુજરાતમાં પાંચ વર્ષ માટે કોંગ્રેસ શું કરવા માગે છે. ગુજરાતમાં કોંગ્રેસની સત્તા આવશે તો અમે યુવાનો અને મહિલાઓ માટે નવી યોજનાઓ લાવીશું. ખેજૂતો અને વિવિધ સમાજ માટે અમારા આવા પ્લાન છે. આવી તમામ ઝીણી ઝીણી બાબતોને ધ્યાને લઈને કોંગ્રેસે ચૂંટણીના મેદાનમાં આવવું પડશે. ગુજરાતનો મતદાર હવે ખરીદાતો નથી. બીજાને ગાળો આપીને કોંગ્રેસ તેનું ખુદનું અહિત કરી રહી છે. વિરોધપક્ષમાં રહીને પરિપક્વ બનવાનું કામ કોંગ્રેસે કર્યું નથી પરંતુ ભાજપની સરકાર કેમ બદનામ થાય તે જોવાનું કામ કર્યું છે. લોકો બહુ હોંશીયાર છે. એક કહેવત છે કે બીજાની લીટી નાની કરવા કરતાં પોતાની લીટી મોટી કરવામાં આવે તો ચોક્કસ સફળતા મળે છે.

**● ગુજરાતમાં નોકરી છે પણ કોઇને કરવી નથી...**

ગુજરાતમાં નોકરીઓ છે પણ આજના યુવાનોને નોકરી કરવી ગમતી નથી, પરિણામે બેકારીનો આંકડો મોટો જોવા મળે છે. સરકારી નોકરી મેળવવા ઈચ્છુક ઉમેદવાર પરીક્ષામાં પાસ થાય છે પરંતુ તેને નોકરીનો ઓર્ડર મળતાં વાર લાગે છે. વહીવટી પ્રક્રિયામાં ફસાયેલો ઓર્ડર કઢાવવા માટે ભોગ પણ ધરાવવો પડતો હોય છે. બીજી તરફ ખાનગી નોકરીઓનો રાફજો ફાટ્યો છે. એક મનોમંથન કરે તેવી હકીકત એ સામે આવી છે કે આજના યુવાનને ઓફિસમાં બેસીને આઠ કલાક નોકરી કરવી નથી. એને સ્વતંત્રતા જોઈએ છે. હવે તો મુંબઈની જેમ અમદાવાદ કે સુરતમાં કોઈપણ કારીગર કે યુવાન બે દિવસથી વધારે દિવસ સુધી બેકાર બેસી રહે નહીં તેવી સુવિધા મળે છે પરંતુ દિશાનો અભાવ હોય કે નોકરીમાં નાનપ અનુભવતા યુવાનો સ્વતંત્ર બિઝનેસના રવાડે ચઢ્યાં છે પરંતુ તેમને એ ખબર નથી કે ભારત કે ગુજરાતમાં બિઝનેસ કરવો એટલે કેટકેટલી જગ્યાએ મંજૂરીઓમાં ભોગ ધરાવવાનો હોય છે. આ ભોગનું દૂષણ દૂર થાય તો ગુજરાતનો યુવાન ઝડપથી એન્ટરપ્રિનિયોર બની શકે છે. અમદાવાદની એક સંસ્થાએ કરેલા એક સર્વેક્ષણનો અહેવાલ છે કે ૧૦ ફ્રેશ ગ્રેજ્યુએટ પૈકી માત્ર બે યુવાનો સરકારી નોકરીમાં જોડાવા ઉત્સુક હોય છે જ્યારે ૧૦ માંથી પાંચ યુવાનો બિઝનેસ શરૂ કરવા માગે છે. ત્રણ ટકા યુવાનો ખાનગી નોકરીમાં જોડાય છે.

**મતદારો સમક્ષ એજન્ડા રાખો, એક બીજા સામે લીટી તાણવાથી કંઇ નહીં વળે**

**● છ લાખ બેકાર હોય તો ૧૨ લાખ ઉમેદવાર કેમ...**

ગુજરાતમાં આશ્ચર્ય સર્જાયું છે કારણ કે ચાર વર્ષ પહેલાં નવ લાખ બેકારોની ફોજ ધરાવતાં ગુજરાતમાં હવે બેકારી ઘટી રહી છે. સરકારના રોજગાર અને તાલીમ નિયામકના લેટેસ્ટ અહેવાલ પ્રમાણે ગુજરાતમાં ૨૦૧૬માં બેકારો ઘટીને ૬૧૦૬૫૬ રહ્યાં છે. મતલબ એ થયો કે આ કચેરીમાં નોંધાયેલા બેરોજગાર યુવાનોને નોકરીઓ મળી છે. ૧૯૯૦ના આંકડા પ્રમાણે ગુજરાતમાં ૯.૫૬ લાખ બેકારો હતા તે ૨૦૦૫માં ઘટીને ૮.૫૫ લાખ થયા હતા. ૨૦૧૫ના વર્ષમાં ગુજરાતમાં બેકારોની સંખ્યા ૬૭૭૪૪૮ નોંધવામાં આવી છે. છેલ્લા દસકામાં બેકારોની સંખ્યા ઘટી છે. જો કે આ ફિગર રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલા યુવાનોના છે. હકીકતમાં ભણીને તૈયાર થતાં અને સરકારી નોકરીની પરીક્ષાઓમાં ઈન્ટરેસ્ટ નહીં બતાવનારા યુવાનોનું પ્રમાણ વધારે છે અને એટલે જ જ્યારે ૨૫૦૦ ખાલી જગ્યા માટે તલાટીની ભરતી પરીક્ષામાં ઉમેદવારી ફોર્મ ભરનારા યુવાનોની સંખ્યા બાર લાખ થઈ હતી. એક અચરજ પમાડે તેવી સ્થિતિ એ છે કે હાલના ડિજીટલ ગુજરાતમાં અશિક્ષિત બેકારોની સંખ્યા ૩૧,૪૭૬ નોંધવામાં આવેલી છે. ગુજરાતમાં ૧.૫૬ લાખ યુવાનો એસએસસી પાસ છે અને તે સંખ્યા સૌથી વધુ જોવામાં આવી છે. બીજી તરક ગ્રેજ્યુએટ બેકારોની સંખ્યા ૧.૫૫ લાખ થવા જાય છે.

**● બધાં નેતાઓ કાચના ઘરમાં રહેતા હોય છે...**

રાજકીય નેતાઓ પર જૂતાં ફેંકાય, ટામેટાં અને ઈંડાનો મારો ચલાવાય એ સમસ્યાનું સમાધાન નથી. આવી ઘટનાઓને શાસક પક્ષ હોય કે વિપક્ષ- બન્નેએ વખોડી કાઢવી જોઈએ, કારણ કે આજે ભાજપના નેતા પર આવું કોઈ કર્મ થયું હોય તે આવતીકાલે કોંગ્રેસના નેતા પર પણ થઈ શકે છે. જૂતાં ખાઈને સરકાર ચલાવવી તે દિલ્હીના અરવિંદ કેજરીવાલ વધુ સારી રીતે જાણે છે. આશ્ચર્ય એ વાતનું છે કે જૂતાં કે ટામેટાંનો ઘા કરનારા લોકોના નિશાન બહું કાચા હોય છે. જૂતાં કે શૂઝનો ઘા કર્યો હોય અને જે તે ટારગેટેડ વ્યક્તિને વાગે તેવું બન્યું નથી. એનો મતલબ એ થયો કે આવા લોકો ચર્ચામાં રહેવા અને મિડીયામાં ચમકવા માટે લોકોનું ધ્યાન કેન્દ્રીત કરી રહ્યાં છે. કોઈ શાસન કે વ્યક્તિ સામે અણગમો હોઈ શકે છે, કોઈનાથી અસંતોષ થાય તે સ્વાભાવિક છે પરંતુ રજૂઆત કરવાના અન્ય વિકલ્પો છે. જૂતાં ફેંકવાથી એક દિવસ ચર્ચામાં રહેવાશે, પરંતુ તે કાયમી સમસ્યાનું સમાધાન નથી. જૂતાં ફેંકનારા કે ટામેટાં ફેંકનારા લોકો આટલી નાની વાત સમજે તો કોઈપણ રાજ્યના રાજકીય માહોલમાં આવી ગંદી હરકતો કદી ઉદ્દભવી શકે નહીં.

**● બન્ને પાર્ટીઓ એજન્ડા સાથે રણમેદાનમાં ઉતરે...**

ભાજપની જેમ કોંગ્રેસે પણ વિકાસના મુદ્દાને લઈને ચૂંટણી લડવી પડશે. અમારી સરકાર આવશે તો આવનારા પાંચ વર્ષમાં અમે રાજ્યના વિવિધ સમાજ માટે મહત્વની યોજનાઓ બનાવીશું. યુવાનોને રોજગારી મળે, મજૂરોને લાભપ્રદ વેતન મળે, ખેડૂતોના પેન્ડીંગ પ્રશ્નો ઉકેલાય, સિનિયર સિટીઝન અને મહિલાઓની માટે અમારી પાસે પ્રજાલક્ષી આવી યોજનાઓ છે. કમિટમેન્ટ આપશો તો વોટ મળશે અન્યથા ભાજપના વોટ બીજી પાર્ટીમાં ખેંચાઇ શકે છે. ૧૯૯૫ પછી ગુજરાતમાં મોટાભાગે ભાજપની સરકાર રહી છે. બે વર્ષ બાદ કરતાં ૨૦ વર્ષથી ભાજપ ગુજરાતમાં સત્તા પર છે. હવે ભાજપને પણ એવું કહેવાનો અધિકાર નથી કે કોંગ્રેસના શાસનમાં આવું બધું થયું છે, કારણ કે કોઈપણ સરકારના પરિણામને માપવા માટે ૨૦ વર્ષનો ગાળો બહુ મોટો છે. કોંગ્રેસના શાસનને ભાજપના નેતાઓએ ભૂલવું પડશે, એટલું જ નહીં ભાજપની સરકારે ક્યાં ખોટું કર્યું છે તેનો હિસાબ આપવો પડશે. ૧૩ વર્ષના શાસનમાં મોદીએ જાહેર કરેલી અને અમલી નહીં બનેલી યોજનાઓમાં સરકારે કમિટમેન્ટ આપવું પડશે.